# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા-ચૂંટણીનું પરિણામ આજે જાહેર કરવામાં આવશે**
2. **આજે દેશભરમાં સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવી રહ્યો છે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરમાં આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**
3. **ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી આજે જગન્નાથ મંદિરથી સરસપુર સુધીની રથયાત્રાના પરંપરાગત રૂટનું નિરીક્ષણ કરશે.**
4. **વરસાદના કારણે પુરક પરિક્ષા આપવા ન પહોંચી શકનારા વિદ્યાર્થીઓ માટે ફરી પરિક્ષા લેવાશે.**
5. **રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર - છેલ્લાં 24 કલાકમાં 141 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GRAM PANCHAYAT ELECTION VOTING

રવિવારે યોજાયેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા-ચૂંટણીનું પરિણામ આજે જાહેર કરવામાં આવશે. મતગણતરી સવારે નવ વાગે શરૂ થશે. કુલ 239 સ્થળોએ મતગણતરી હાથ ધરવામાં આવશે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં સરેરાશ 72 ટકા મતદાન નોંધાયું હતું. આઠ હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં 3 હજાર 656 સરપંચની જગ્યાઓ અને 16 હજાર 224 સભ્ય બેઠકો માટે મતદાન થયું હતું.

અમદાવાદ જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે, તાલુકા દીઠ એક એમ સમગ્ર અમદાવાદ જિલ્લામાં નવ સ્થળોએ મતગણતરી હાથ ધરવામાં આવશે. અમદાવાદ જિલ્લામાં કુલ 15 ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. મતગણતરી માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, જિલ્લામાં કુલ 322 ગ્રામ પંચાયતની ચૂંટણી બાદ આજે તાલુકાવાર મત ગણતરી થશે.

જિલ્લામાં સરેરાશ કુલ ૮૩.૫૦ ટકા અને પેટા ચૂંટણીમાં સરેરાશ કુલ 63.24 ટકા મતદાન નોંધાયું હતું.

રાજકોટ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે , જિલ્લાના 11 તાલુકાઓમાં કુલ 45 ટેબલ પર આજે મતગણતરી શરૂ થશે.

ગઈ કાલે પ્રાંતીજ, ઝાલોદ અને પાદરા તાલુકામાં ત્રણ બુથ પર સરેરાશ 71 ટકા પુનઃ મતદાન થયું હતું.

---

# SANVIDHAAN HATYA DIWAS

**આજે દેશભરમાં સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવી રહ્યો છે. 25મી જૂન, 1975ના રોજ ભારતના બંધારણ અને લોકશાહીનાં મૂલ્યોની અવગણના કરવામાં આવી હતી , ત્યારે શું થયું હતું તેની યાદ અપાવે છે.**

**પ્રસ્તુત છે એક અહેવાલ**

## (વોઈસ કાસ્ટ – અનિલ પટેલ)

**1975માં આજનાં દિવસે દેશમાં લાદવામાં આવેલી કટોકટીને ભારતીય ઇતિહાસમાં કાળા દિવસ તરીકે યાદ રાખવામાં આવે છે. કટોકટી દરમિયાન સરકારે અખબારો પર કડક સેન્સરશીપ લાદી હતી. આ દરમિયાન જયપ્રકાશ નારાયણ , એલ કે અડવાણી, અટલ બિહારી વાજપેયી, મોરારજી દેસાઇ, મધુ દંડવતે સહિતનાં સંખ્યાંબધ વિરોધ પક્ષનાં નેતાઓની સામૂહિક ધરપકડ કરવામાં આવી હતી. જેનો દેશભરમાં ભારે વિરોધ થયો હતો.**

**કટોકટીને પગલે ગુજરાતમાં નવનિર્માણ આંદોલન , બિહારમાં જયપ્રકાશ નારાયણની ચળવળ અને જ્યોર્જ ફર્નાન્ડીઝનાં વડપણ હેઠળ રેલવે હડતાળ સહિત ના રાજકીય આંદોલનો થયા હતા.**

**કટોકટીથી પીડિત દરેક વ્યક્તિને શ્રદ્ધાંજલિ આપવાનો આજનો દિવસ છે.**

***અનિલ પટેલ, સમાચાર વિભાગ, આકાશવાણી અમદાવાદ***

**આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ કટોકટીને ભારતીય લોકશાહી માટે કાળો ડાઘ ગણાવ્યો હતો.**

## (બાઈટ – મોદી, ઓન ઈમરજન્સી)

---

# SAMVIDHAN HATYA DIVAS

સંવિધાન અને લોકશાહીનાં મૂલ્યોનાં જતન માટે ગાંધીનગરના ટાઉનહોલમાં આજે સવારે 10 વાગે રાજ્ય કક્ષાનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ , આરોગ્યમંત્રી ઋશિકેશ પટેલ અને ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત જિલ્લા કક્ષાએ આયોજિત કાર્યક્રમોમાં રાજ્યના મંત્રીઓ , સાંસદો અને ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

---

# RATHYATRA ROOT HARSH SANGHVI

અમદાવાદમાં આગામી **27**મી જૂને ભગવાન જગન્નાથજીની **148**મી રથયાત્રા યોજાશે. સલામતીના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આ રથયાત્રા યોજાશે. ત્યારે જગન્નાથ મંદિરથી સરસપુર સુધીના રથયાત્રાના પરંપરાગત રૂટનું રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી નિરીક્ષણ કરશે. અમદાવાદના પોલીસ કમિશનર સહિતના શહેરના પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ આ રૂટ નિરીક્ષણમાં જોડાશે. સવારે આઠ વાગે આ રૂટ નિરીક્ષણ કરવામાં આવશે.

---

# RATHYATRA – BHAVNAGAR – PATAN

અમદાવાદ શહેરમાં આગામી 27 તારીખે નીકળનારી ભગવાન જગન્નાથજીની **148**મી રથયાત્રાની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. રાજ્ય આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ વિષે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

## ( બાઇટ : ઋષિકેશ પટેલ )

ભાવનગરમાં દર વર્ષની પરંપરા મુજબ ભગવાન જગન્નાથજીની ૪૦મી રથયાત્રાનું આયોજન કરવામાં આવશે. દર વર્ષની પરંપરા મુજબ આજે સાંજે ૫ કલાકે સુભાષનગર , ભાવનગર ખાતે આવેલ જગન્નાથજી મંદિરે ભગવાનની નેત્રોત્સવ વિધિ કરવામાં આવશે.

તો બીજી તરફ પાટણ શહેરમાં અષાઢી બીજના દિવસે નીકળનાર ભગવાન જગન્નાથજીની પરંપરાગત **143**મી રથયાત્રા દરમ્યાન કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે હેતુથી પાટણ પોલીસ વડાના માર્ગદર્શનમાં ગઇકાલે સાંજે પોલીસતંત્ર દ્વારા શહેરમાં રથયાત્રાના સમગ્ર માર્ગ પર ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. પાટણ પોલીસ વડાના જણાવ્યા મુજબ રથયાત્રા દરમ્યાન **30** પોલીસ અધિકારીઓ અને **500** પોલીસ જવાનો ફરજ બજાવશે તથા ડ્રોનથી સમગ્ર રથયાત્રાનું મોનીટરીંગ કરાશે.

---

# RE EXAMINATION

રાજ્યમાં હાલમાં વરસાદના કારણે કેટલાક વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપવા શાળાએ પહોંચી નથી શક્યા અથવા તો ચૂકી ગયા છે. આવા વિદ્યાર્થીઓની આગામી સમયમાં ફરી પરીક્ષા લેવાશે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે શિક્ષણ

**રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું , આ પૂરક પરીક્ષા પૂર્ણ થયા પછી શિક્ષણ વિભાગ દ્વારા બાકી રહેલા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા આપવા નવી વ્યવસ્થા કરાશે.**

---

# RAIN

**રાજ્યમાં છેલ્લાં ત્રણ ચાર દિવસથી સાર્વત્રિક મેઘમહેર થઈ રહી છે. છેલ્લાં 24 કલાકમાં રાજ્યનાં 141 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદનાં અહેવાલ છે. નર્મદા તાલુકાના નાંદોદમાં સૌથી વધુ નવ ઇંચ વરસાદ પડ્યો છે. દાહોદ, નર્મદાના તિલકવાડા, છોટા ઉદેપુર જિલ્લાના જેતપુર પાવી અને વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં સાત ઇંચ વરસાદ પડ્યો છે.**

**પંચમહાલના શહેરા, વલસાડના વાપીમાં છ-ઇ ઇંચ વરસાદ નોંધાયો છે.**

**મહીસાગર જિલ્લાના અમારા પ્રતિનિધી કૌશિક જોષી જણાવે છે કે , લુણાવાડામાં ધોધમાર વરસાદને પગલે પાલિકા દ્વારા ચાલુ વરસાદમાં કામગીરી કરવામાં આવી હતી. લુણાવાડાથી શામળાજી હાઈવે પર પાણી ભરાતા ડીવાઈડર તોડવામાં આવ્યું હતું.**

**પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધી વિપુલ પુરોહિત જણાવે છે કે, ઉપરવાસમાં ભારે વરસાદને પગલે હડફ ડેમમાં 17 હજાર ક્યુસેક પાણીની આવક થતાં ડેમનું રુલ લેવલ જાળવી રાખવા પાંચમાંથી ત્રણ દરવાજા ચાર ફૂટ સુધી ખોલી 15 હજાર ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવ્યું હતું.**

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદ ચાલુ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. શુક્રવારે ભગવાન જગન્નાથજીની રથયાત્રાના દિવસે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

દરિયાકાંઠે 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડો. એ કે દાસે વધુ માહિતી આપી

**(બાઈટ – ડૉ.એ.કે.દાસ)**

---

# SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતો રાજ્ય સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ સોમવાર 30 જૂનનાં રોજ યોજાશે.

26થી 28 જૂન દરમિયાન ‘શાળા પ્રવેશોત્સવ ’ અને ‘કન્યા કેળવણી મહોત્સવ’ને અનુલક્ષીને જૂન મહિનાનાં સ્વાગત કાર્યક્રમની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો 30મી જૂનના રોજ સવારે 8થી 11 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ , સ્વર્ણિમ સંકુલ- 2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

---